# कौशिक : एक अप्रसिद्ध वैयाकरण

- नीलाञ्जना सु. शाह

पाणिनीय धातुपाठ परना वृत्तिग्रंथोमां, जे केटलाक अप्रसिद्ध वैयाकरणोना मतना उल्लेखो मळे छे, तेमांना एक कौशिक नामना वैयाकरण छे. तेमणे पाणिनीय धातुपाठ पर वृत्ति लखी होवानुं मनाय छे.[१] तेमनी ए वृत्ति हाल उपलब्ध नथी, पण तेमना केटलाक मतोनो उल्लेख क्षीरस्वामीकृत 'क्षीरतरंगिणी' (ई.स.नी अगियारमी सदी) 'दैव' परनी 'पुरुषकार वृत्ति' (ई.सनी तेरमी सदी) अने सायणकृत 'माधवीया धातुवृत्ति' (ई.स.नी चौदमी सदी)मां मळी आवे छे.* तेमना धातुसूत्रो विशेना मत सहुप्रथम आपणने क्षीरतरंगिणी (क्षीत)मा उपलब्ध थाय छे तेथी तेओ अगियारमी सदी पहेला थई गया हशे ए चोक्कस छे. तमना धातुओ विशेना आ मतोने 'क्षीत'ना क्रमानुसार अहीं दर्शाव्या छे जेथी एक समर्थ धातुवृत्तिकार तरीकेनी तेमनी प्रतिभानो परिचय संस्कृत व्याकरणशास्त्रना अभ्यासीओने थाय.

१. दध धारणे । क्षीत (पृ. १५).. 'कौशिकस्तु दद धारणे दध दाने इति पाठं व्यत्यास्थात् । ददते मणिम्, दधते धनमर्थिभ्यः इति' । क्षीरस्वामी लखे छे के सामान्य रीते मोटा भागना धातुपाठोमां 'दद दाने अने दध धारणे होय छे तेने बदले कौशिक 'दद'नो अर्थ 'धारणे' करे छे अने 'दध'नो 'दाने' करे छे. कौशिकना मतना समर्थनमां जे 'ददते मणिम्' एवुं वाक्य क्षीरस्वामीए टांक्युं छे ते पूरुं वाक्य 'निरुक्त'मां मळे छे तेमां दद धारणेना समर्थनमां 'अक्रूरो ददते मणिम्' । 'विश्वे देवाः पुष्करे त्वाददन्ता' (ऋ. ७. ३३. ११)—आ बंने वाक्यो आप्यां छे. टीकाकार दुर्गे पण आ बाबतनुं समर्थन करतां कह्युं छे : लोकेऽप्यं ददतिर्धारणार्थे भाष्यते । माधवीया धातुवृत्ति (माधावृ पृ. ५५)मां आ ज धातुसूत्रना संदर्भमां सायण लखे छे :

---

* युधिष्ठिर मीमांसक (सं)क्षीरतरंगिणी (बहालगढ, हरियाणा) द्वितीय आवृत्ति, सं. २०८२; युधिष्ठिर मीमांसक, दैव-पुरुषकारवार्त्तिक, अजमेर, प्रथम संस्करण, सं. २०१९; द्वारिकादास शास्त्री, माधवीया धातुवृत्ति, वाराणसी, द्वितीय संस्करण, १९८३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दान इति केचित्पठन्ति, 'दद दाने' इत्यत्र धारणे इति तदयुक्तम् । तेमणे कौशिकनुं नाम आप्युं नथी. ते पोते आ मतने अयोग्य ठेरवे छे अने तेना समर्थनमां शिशुपालवधना श्लो. १९. ११४ने तेमज काव्यप्रकाशना श्लो. १०.५९३ने टांके छे जेमां अनुक्रमे दद धातु दानना अने दध धातु धारणना अर्थमां प्रयोजायो छे.

दाददो दुद्ददुद्दादी दादादो दुददी ददोः..... ददः ॥;(शिशु १९. ११४)

तद्वेषोऽसदृशोऽन्याभिस्त्रिभिर्मधुरताभृतः ।

दधते सुलभां शोभां तदीया विभ्रमा इव ॥ (काव्यप्रकाश, १०. ५९३)

एक नोंधपात्र बाबत ए छे के क्षीरस्वामीए कौशिकनो आ मत आप्या बाद एक तटस्थ विवेचकने शोभे तेवो सरस खुलासो कर्यो छे : युक्तायुक्तत्वे त्वत्र सूरयः प्रमाणम् । वयं हि मतभेदप्रदर्शनमात्रेणैव कृतार्थाः । मुनिमुख्यानां वाक्यं कथंकारं विकल्पयामः, वयमपि हि स्खलन्तोऽन्यैः कियन् नोपलप्स्यामहे । योग्यायोग्यत्वनी बाबतमां मुनिओ प्रमाण छे. अमे तो मात्र मतभेदनुं प्रदर्शन करीने कृतार्थ थईए छीए. मुख्य मुनिओनां वाक्योनी अमे केवी रीते छणावट (साचुं शुं खोटुं शुं ?) करीए ? अमारी भूल थाय तो शुं अमे पण केटला ठपकाने पात्र नहीं थईए ? (पुरुषकार वृत्ति (पृ. १२)मां कृष्ण लीलाशुके कौशिकना मत साथे आ खुलासो पण आप्यो छे. मात्र बोपदेवना धातुपाठ, कविकल्पद्रुम (पृ.३४)मां दध ददे एवो पाठ मळे छे जे कौशिकना मतनुं समर्थन करे छे.

२. युतृ जुतृ भासने । क्षीत (पृ. २०) ..... कौशिकस्तु ज्योतिः सिद्धये जुतिं ज्युतिं मन्यते । ज्योतिश्च द्युतेरसिजादेश्च । (उ. २. ११०) इति सिद्धम् । जुतिरिति दुर्गः । कौशिक ज्योतिः शब्दनी सिद्धि माटे जुति उपरांत ज्युति एवो धातु पण सूचवे छे. मोटाभागना बधा धातुपाठोमां क्षीतनी जेम ज भ्वादि गणना आ धातुओनो पाठ छे. 'क्षीत'कार उणादि सूत्र द्युतेरसिजा० (२-११०)थी आ शब्दनी सिद्धि दर्शावे छे. एनो अर्थ ए थयो के एमने 'ज्युति' जेवो धातु मानवानी जरूर लागती नथी. 'क्षीत'ना संपादक युधिष्ठिर मीमांसके दर्शाव्युं छे के क्षीरस्वामीए 'अमरकोश' परनी 'अमरकोशोद्घाटन' टीकामां 'ज्योतिः' (३-३.२३१) शब्दने समजावतां 'ज्योतते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्योतिः' कह्युं छे, तो शतपथब्राह्मण (१.५.३.१)मां 'अवज्योत्यमानम्' प्रयोग मळे छे अने निरुक्त (२-२८-१६)मां ज्वलतिना कर्मोमां 'द्योतते ज्योतते'—ए बे धातुनो पाठ मळे छे. तेथी मीमांसकनुं मानवुं छे के अर्वाचीन आचार्योए पोताना समयमां आ धातुनो प्रयोग नहीं जोयो होय तेथी 'द्युत दीप्तौ'—ए धातुमांथी ज्योतिः निष्पन्न करे छे.[२] आ संदर्भमां ग. बा. पल्सुलेनो मत नोंधवा जेवो छे.[३] तेओ माने छे के मळ धातु तो ज्युत् ज हशे पण पाछळथी प्राकृत भाषानी असरने लीधे जुत् थई गयो. आ दृष्टिए जोईए तो कौशिके प्राचीन धातुने दर्शाव्यो जणाय छे. बोपदेवना कवि. (पृ. २९)मां 'ज्युत् भासने' मळे छे ए नोंधवुं घटे.

३. विथृ वेथृ याचने । क्षीत. (पृ २१)..... कौशिकस्तु अविथुरसिद्धये यातन इत्याह, नन्न व्यथेः सम्प्रसारणं किच्च । (उ. १. ३९) इति सिद्धेः । आ बाबतमां क्षीरस्वामी नोंधे छे के कौशिक विथुरः ने विथृ वेथृ परथी सिद्ध करवा आ बंने धातुओनो अर्थ याचनाने बदले यातना सूचवे छे. क्षीरस्वामी आ मतनो अस्वीकार करतां कहे छे के आ धातुओ साथे विथुरः (पीडा आपनार)ने सांकळवानी जरूर नथी. कारणके उणादि सूत्र व्यथेः (उ. १. ३९)थी भ्वादि धातु 'व्यथ भयसञ्चलनयोः'नुं संप्रसारण थई विथुरः रूप थयुं छे. नोंधवुं घटे के माधावृ (पृ. १९१)मां पण व्यथ ने लगता धातुसूत्रमां ज विथुरःनी उपर्युक्त उणादिसूत्रथी ज व्युत्पत्ति दर्शावी छे, क्षीरस्वामीए कौशिकना आ मतनुं स्पष्ट खंडन कर्युं छे.

'माधावृ' (पृ. ६३)मां मळतो कौशिकनो मत आ धातुओने लगतो छे पण ते तेमना अर्थनी बाबतमां नहीं पण स्वरूपने लगतो छे. सायण विथृवेथृ याचने । धातसूत्रनी वृत्तिमां कहे छे : द्वितीयो दान्तः आद्यो धान्तः इति कौशिकः ' कौशिकना मत प्रमाणे विधृ अने वेदृ एम आमनुं स्वरूप जोईए. तेमना आ मतने कोई पण धातुपाठनुं समर्थन मळतुं नथी. सायणे वधारामां एम पण नोंध्युं छे के कौशिकना मतनो क्षीरस्वामीए अस्वीकार कर्यो छे. धातुना स्वरूप अंगेना आ मतनो निर्देश ज क्षीरस्वामीए कर्यो नथी, तो तेने दोषित ठरावगानो प्रश्न क्यां रहे ? सायण क्षीरस्वामीए आ धातुना अर्थ अंगेना कौशिकना मतना क्षीतमां करेला अस्वीकारनी वात

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

करता जणाय छे.

४. श्च्युतिर् क्षरणे । क्षीत. (पृ. २३)..... कौशिकस्तु श्चुतिमयोपधं मन्यते-श्चोतति । कौशिक भ्वादि गणना आ धातुनो 'श्चुति' ए रीते 'य'कार वगरनो पाठ करे छे. 'माधावृ'मां (पृ. ६७)सायणे कौशिकना नाम वगर आ मतनो निर्देश कर्यो छे अने तेना मतना समर्थनमां, भट्टभास्करे टांकेली ऋग्वेदनी ऋचाओ आपी छे : अत्र श्चुतिरित्ययकारमपि पठन्ति । तथा च 'मधुश्चुतं घृतमिव सुपूतम् .. । [ऋ. ४. ५७.२], श्चोतन्ति ते वसो: .... [ऋ. ३. २१. ५] इत्यादौ भट्टभास्करः । तथा च मैत्रेयोऽपि - श्चुतिरित्यप्येके पठन्ति । सायणे नोंध्या प्रमाणे मैत्रेये पण 'धातुप्रदीप' (पृ.७)मां केटलाकनो कहीने नाम आप्या वगर कौशिकना आ मतनो निर्देश कर्यो छे. माधावृ.मां, धातुसूत्रोना संदर्भमां भट्ट भास्कर के जे पोताना अभिप्रायना संदर्भमां वैदिक ऋचाओ टांके छे तेमना केटलाक मत मळे छे.

कौशिकने भट्ट भास्कर उपरांत हेमचंद्रना धातुपाठनुं समर्थन पण मळी रहे छे, कारणके हेमचंद्र हेमधातुमाला (पृ.३३)मां चुतृ, श्चुतृ, श्च्युतृ क्षरणे –एम त्रणे आपे छे. कवि (पृ.२९)मां चुत् च्युति क्षरे—बंने मळे छे. नोंधवुं जोईए के भट्टिकाव्यमां तो आश्च्योतद्रुधिरम्.....(१७.११)—एम श्च्युत् धातुनो प्रयोग मळे छे.

५. द्राघृ आयासे च । क्षीत. (पृ. ३३) आयासं कदर्थनम् । कौशिक-स्त्वायामे । दैर्घ्यविशिष्टायां क्रियायामित्याख्यत् ।

कौशिक द्राघृना अर्थनी बाबतमां क्षीरस्वामीथी जुदा पडीने आयाम ए अर्थ दर्शावे छे अने आयामनो अर्थ पण दीर्घताथी विशिष्ट एवी क्रिया करे छे. 'माधावृ' (पृ. ८०) पण 'द्राघृ आयामे आयामो दैर्घ्यक्रियेति कौशिकः।' कहीने कौशिकनो उपर्युक्त मत ज आपे छे.

क्षीरस्वामी, चान्द्र, जैनेन्द्र, कातंत्रव्याकरणकार, शाकटायन—आमां मोटाभागना धातुवृत्तिकारो आयासः अर्थ ज आपे छे.[४] कौशिकना मतने सायण उपरांत बोपदेवनुं समर्थन मळी रहे छे. जो के बोपदेवे कवि. (पृ. १६)मां द्राघृङ् श्रमायामाशकितषु । एम त्रणे अर्थ आप्या छे. श्री. ग. बा. पल्सुलेए जणाव्युं छे के हस्तप्रतोमां अमुक अक्षरोमां, एकने बदले बीजो वंचावानो संभव

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रहे छे तेवी रीते मनो स वंचावाने लीधे ज आयामनुं आयासे वंचायुं छे.[१] खरेखर द्राघृ धातुनो साचो अर्थ आयामः छे कारणके द्राघिमान, द्राघिष्ठ— आ बधा शब्दोनुं मूळ द्राघ धातु ज छे. आम धातुओना अर्थनी बाबतमां कौशिकनी दृष्टि साचा अर्थने पकडे छे, एवी छाप पडे छे.

६. हेड विबाधायाम् । 'क्षीत'. (पृ. ५६)– कौशिकस्तु नैतानाह । क्षीरस्वामी लखे छे के कौशिक आ धातुओनो पाठ करता नथी. आ परथी पण स्पष्ट थाय छे के कौशिके समग्र धातुपाठ पर वृत्ति लखी होवी जोईए. क्षीरस्वामीए अहीं 'एतान्' एम बहुवचननो प्रयोग कर्यो छे तेथी 'हेड विबाधायाम्' अने ते पहेलांना ओछामां ओछा बे धातुओ 'पिट शब्दे' अने 'विट आक्रोशे' एम त्रण धातुओनो कौशिक धातुपाठमां समावेश करता नथी एवो अर्थ थयो. 'माधावृ', अने 'धाप्र'मां हेड विबाधायाम् अने विट आक्रोशे नथी. पिट शब्दसंङ्घातयोः धातु बंनेमां—माधावृ (पृ.१०४) अने धाप्र(पृ.२३)मां अने बीजा धातुपाठोमां मळे छे. हेड विबाधायाम् भाग्ये ज कोई धातुपाठमां मळे छे, ज्यारे मोटेभागे हेठ विबाधायाम् मळे छे. आक्रोशना अर्थमां विट मात्र कवि(पृ.२३)मां मळे छे. आ संदर्भमां ग. बा. पल्सुलेनो मत एवो छे अमुक धातुओ अमुक अर्थमां भाषा अने साहित्यमां प्रयोजाया नथी के पछीना समयमां अनार्य गणाईने धातुपाठमां समावाता बाध थया तेथी केटलाक धातुवृत्तिकारो तेमनो पाठ करता नथी.[६]

७. कुडि वैकल्ये । क्षीत (पृ.५७) कुटि इति कौशिकदुर्गौ । कुण्टति । कौशिक अने दुर्ग भ्वादि गणना कुडिने बदले कुटि एम पाठ करे छे. माधावृ (पृ.११४)मां आ ज प्रमाणे कौशिकने दुर्गना मतनो उल्लेख छे. सायणे त्यां नोंध्युं छे के धातुपाठमां अहीं डान्त धातुओना पाठनुं प्रकरण चाले छे माटे शाकटायन प्रकरणना अनुरोधथी कुडि धातुने ज माने छे. दैव परनी पुरुषकार वृत्ति (पृ. ६७) कुठीति कौशिकदुर्गौ । एम मत आपे छे. कुडिनुं कुण्डति, कुटिनुं कुण्टति अने कुठिनुं कुण्ठति रूप थाय छे. मैत्रेय, कातंत्रकार, अने काशकृत्स्न वैकल्यना अर्थमां, कुड धातु आपे छे, चान्द्र जैनेन्द्र शाक्टायन अने हेमचंद्र कुट धातुनो पाठ करे छे ज्यारे बोपदेव कविमां कुड (पृ. २६) कुट (पृ.२२) अने कुठ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(पृ. २४) एम त्रणे आपे छे एवो संभव छे के पुरुषकार वृत्तिमां कुटने बदले कुठ वंचायुं होय कारणके हस्तप्रतमां टने ठनो गोटाळो थवानो संभव छे.[७]

८. मुडि खण्डने । क्षीत (पृ. ५७)-मुटि इति कौशिकदुर्गौ-मुण्टति । भ्वादिगणना मुडि खण्डने धातुनो कौशिक अने दुर्ग मुटि पाठ कहे छे. माधावृ (पृ. ११३)मां, धा. प्र. (पृ. २६) अने लगभग बधा ज धातुपाठमां मुडि एम धातु मळे छे. दैव परनी पुरुषकार वृत्ति (पृ. ६४)मां मुडि खण्डने-ना संदर्भमां शुठीति कौशिकदुर्गौ । शुण्ठति मळे छे. तेमां मुटिने बदले शुठि कदाच वंचायुं होय तेम क्षीतना संवादो युधिष्ठिर मीमांसकनु मानवुं छे. प्रकरणनी दृष्टिए पण शुठि अहीं बंध बेसतुं नथी.

९. शुठि शोषणे । श्रीत (पृ. ६०)—एनं कौशिको नाध्येष्ठ । क्षीरस्वामी जणावे छे के भ्वादि गणना आ धातुनो कौशिक पाठ करतो नथी के एने स्वीकारतो नथी. माधावृ (११५)मां, धाप्र (पृ. २८)मां, पुरुषकारवृत्ति (पृ. ६३) अने कवि (पृ. २५)मां शुठ शोषणे धातु आपे छे. शुठ धातु परनी आवेलो शुण्ठी (सूंठ) शब्द प्रचलित छे (माधावृ. पृ ११५). आ धातुनो पाठ करवानुं केम कौशिके ना पाडी हशे तेनो ख्याल आवतो नथी. चान्द्र व्याकरणमां आ धातुनो पाठ नथी.[८] तेने अनुसरीने कदाच आवो मत कौशिके दर्शाव्यो होय.

१०. मेपृ रेपृ लेपृ गतौ । क्षीत. (पृ. ६३)-हेपृ च इति कौशिकः ।

माधावृ (पृ. ११७)मां पण उपर्युक्त धातुसूत्रनी व्याख्यामां आम कौशिकनो नाम वगर निर्देश छे : क्वचित् पठ्यते हेपृ धेपृ इति च । आ हेपृ धातुनुं वर्तमानकाळ तृ. पु. एकवचननुं रूप हेपते थाय छे, आ धातु कोई धातुपाठमां मळतो नथी, ते नोंधवुं घटे.

११. बर्फ, रफ, रफि, अर्ब, बर्ब, कर्ब, खर्ब, गर्ब, धर्ब, शर्ष, षर्ब.... नर्ब गतौ । क्षीत. (पृ. ६८) — अर्बेत्यादौ रेफस्थाने नकारं कौशिको मन्यते । माधावृ (पृ. १२५)मां आ ज मत बीजा शब्दोमां मळे छे. अर्बादियो नोपधा इति कौशिकः' अने कौशिक भ्वादिगणना आ धातुसूत्रना अर्बथी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नर्ब सुधीना बारे धातुओने नोपध माने छे एटले के तेमनुं स्वरूप अन्ब, बन्ब, कन्ब, एम थवुं जोईए. नोंधवुं घटे के मात्र कवि. (पृ. ३९)मां आ धातुओना अर्ब अने अन्ब, बर्ब-बन्ब, कर्ब-कन्ब-एम बंने रूपो आप्या छे.

आ धातुओना संदर्भमां, ग. बा. पल्सुलेए एम जणाव्युं छे के शारदालिपिमां र अने न बंने लगभग सरखा वंचाय छे तेथी लिपि वांचवाना गोटाळाने लीधे आम बन्युं हशे.[९] कवि. सिवायना बधा ज धातुपाठ अर्ब-बर्ब एम पाठ आपे छे.

१२. वन भण धण शब्दे । क्षीत. (पृ. ७२) धणति । कौशिकस्तु दन्त्यान्तमाह ।

कौशिक आ धातुसूत्रमांना धण शब्दे ए भ्वादि गणना धातुनो धन एम पाठ करे छे. माधावृमां अने धाप्रमां आ धातुनो निर्देश नथी. मात्र काशकृत्स्न धातुपाठ (पृ. २५)मां धन शब्दे मळे छे ज्यारे बोपदेवना कवि. (पृ. ३६)मां धन् रवे एम मळे छे. कवि. परनी धातुदीपिका टीकामां तेना दृष्टांत तरीके 'धनति मृदङ्गः ।' एम पण आप्युं छे आम कौशिकने काशकृत्स्न व्याकरणना कर्ता अने बोपदेव बंनेनुं समर्थन मळी रहे छे.

१३. त्सर छद्मगतौ । क्षीत. (पृ. ८५)-त्सद्म इत्यपीति कौशिकः-त्सद्मति । कौशिके भ्वादि गणना धातु त्सर ने बदले त्सद्म सूचव्यो छे अने तेनुं वर्तमानकाळनुं रूप त्सद्मति दर्शाव्युं छे. कोई धातुपाठमां आ धातुनो पाठ मळतो नथी.

१४. कव शब्दे । क्षीत. (पृ. १०३)- कशेति कौशिकः । कौशिक अहीं कश शब्दे नो पाठ करे छे. 'क्षीत'ना संपादक युधिष्ठिर मीमांसक नोंधे छे के अहीं शकारान्त धातुओना पाठमां वच्चे कव धातु आवे छे, ते बंधबेसतो नथी. प्रकरणना अनुरोध प्रमाणे कश धातु योग्य छे. 'माधावृ' के 'धाप्र'मां आ कश शब्दनो पाठ नथी. हेमधातुमाला (पृ. ५२) अने कवि. (पृ. ४८)मां कश शब्दे मळे छे. ग. बा. पल्सुलेना मत प्रमाणे आ धातु पाछळथी उमेरायेलो लागे छे. कारणके प्राचीन धातुपाठमां आ धातु मळतो नथी.[१०] कशा (चाबूक) शब्दने अमरकोश (२-१०-३१) परनी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'व्याख्यासुधा' नामनी टीकामां कश शब्दे परथी व्युत्पन्न करवामां आव्यो छे आ कश धातु अदादि कस (कश) गतिशासनयोः धातु करतां जुदो छे.

१५. स्रन्भु विश्वासे । (पृ. १०८) स्रन्हु इति कौशिकः- स्रंहते, ऊष्मान्तप्रस्तावात् । भ्वादि गणना स्रन्भु ने बदले स्रन्हु धातुनो पाठ करे छे - आ धातु मात्र कवि. (पृ. ५६) आपे छे अने तेना परनी टीका धातुदीपिकाना कर्ता दुर्गादास लखे छे : धातुरयं कैश्चिन्न मन्यते । सामान्य रीते मोटाभागना धातुपाठो स्रम्भु विश्वासे - एम आ धातुनो पाठ आपे छे. कौशिकने आ बाबतमां कवि.ना कर्ता बोपदेवनुं सबळ समर्थन मळी रहे छे.

१६. क्षजि गतिदानयोः । क्षीत. (पृ. ११२) क्षीर. नोंधे छे के क्षजेति कौशिकः । आ ज प्रमाणे माधावृ. (पृ. १९२)मां पण कौशिकनो आ मत मळे छे के भ्वादि गणना आ धातुनो पाठ क्षज थवो जोईए. जो क्षजि पाठ करीए तो इदितो नुम् धातोः । (पा. ७. १. ५८) सूत्रथी क्षञ्जते वर्तमानकाळनुं रूप थाय अने जो क्षज करीए तो क्षजते एम रूप थाय. बोपदेव कवि. (पृ. १८)मां क्षजि क्षज बंने आपे छे.

कौशिके भाषा के साहित्यमां क्षजते वगेरे-एवां आ धातुनां रूपो जोयां हशे, तेथी तेओ आ सूचन करे छे.

१७. दाशृ दाने । क्षीत. (पृ. १३२)-दायृ दान इति कौशिकः । भ्वादि गणना आ धातुनो पाठ दाशृ नहीं पण दायृ थवो जोईए एम कौशिक माने छे. दाशृ होय तो वर्तमानकाळनुं रूप दाशते थाय छे अने दायृ होय तो दायते थाय छे. माधावृमां कौशिकना आ मतनो उल्लेख नथी. मात्र बोपदेवना कवि. (पृ. ४२)मां दायृञ् दाने एम मळे छे.

१८. शिजि अव्यक्ते शब्दे । क्षीत. (पृ. १७९) शिजि पिजि इति कौशिकः । पिंक्ते पिञ्जरः । कौशिक अव्यक्त शब्दना अर्थ दर्शावता धातु तरीके अदादिगणना आ शिजि उपरांत पिजिने पण आ धातुपाठमां गणाववा इच्छे छे. माधावृ (पृ. ३३५)मां सायण नोंधे छे अयं पिञ्जिश्च द्वावव्यक्ते शब्दे' इति काश्यपः । आम काश्यपनो मत पण कौशिक जेवो ज छे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

के आ धातुसूत्रमां शिजि साथे पिजिनो पाठ थवो जोईए. अव्यक्त शब्द ए अर्थमां पिजि धातु कोई पण धातुपाठमां मळतो नथी.

ग. बा. पल्सुलेनो आ संदभर्मां एवो मत छे के आ धातु प्रमाणमां सहेज पाछळथी उमेरायेलो हशे के गभ नेम पण एनी साथे ज्यारे ए उमेरायो त्यारे एनो अर्थ संकळायेलो न हतो.[११] जान्त होवाथी तेने शिजि जोडे मूकीने कोईए एनो अर्थ अव्यक्त शब्द कर्यो, तो तेना पछीना धातु पृच सम्पर्के साथे एने सांकळीने अन्यए सम्पर्के के सम्पर्चने अर्थ कर्यो तो केटलाके पिंगलः पिंगलकः जेवा शब्दोनो मूळ धातु कल्पीने एनो अर्थ 'वर्ण' कर्यो, अने अमुक वैयाकरणोए पिञ्जुलः (घासनो पूळो) साथे एनो मेळ बेसाडीने तेनो अर्थ 'अवयव' पण कर्यो. बोपदेवना कवि. (पृ. २८)मां पिजनो अर्थ वर्णपूजयोः एम मळे छे, जेनुं एक पाठांतर वर्णकूजयोः मळे छे अने कूजनो अर्थ अव्यक्त शब्द ज थाय छे. कौशिक अने काश्यप पिजिनो अर्थ 'अव्यक्त शब्द' करे छे, जेनुं वर्तमानकाळनुं रूप पिंक्ते थाय छे. गुजराती भाषामां रू ने पिंजवुं, रूनुं पिंजण वगेरे शब्दो वपराय छे अने तेमनो आ पिज धातु साथे संबंध कदाच दर्शावी शकाय.

१९. पृची सम्पर्के । क्षीत. (पृ. १८०)-पृचि इति कौशिकः-पृङ्क्ते । माधावृमां (पृ. ३३६)मां अदादि गणना आ धातुसूत्रना संदर्भमां सायणे नोंध्युं छे के इदित्तृतीयान्तः इति कौशिकः । एटले अर्थ एवो थयो के कौशिक पृचीने बदले पृजि पाठ आपे छे. क्षीतमां आ बाबत कोई चर्चा नथी, पण सायणे स्पष्ट कर्युं छे के सम्पृचादि सूत्र (३. २. १४२)मां 'काशिकावृत्ति'मां स्पष्ट लख्युं छे के 'पृची सम्पर्के' इति रुधादिर्गृह्यते न त्वदादिः । तेथी पृची ए स्वरूप बराबर छे. वळी उणादिवृत्तिमां पर्जन्यः शब्दनी व्युत्पत्ति 'अर्जेः पर्ज वा' ए धातुथी अन्यः प्रत्यय लगाडीने करवामां आवी छे (उणादिवृत्तिमां पर्जन्यः ३-८-६ सूत्र ज छे ने सिद्धांतकौमुदीमां पृषु सेचने परथी तेनी व्युत्पत्ति करवामां आवी छे). आ उपरांत शाकटायन पण पृचै सम्पर्चने । सूत्र आपे छे. तेथी पृची ज बराबर छे अने पृजि ए धातुनुं स्वरूप अयुक्त छे तेम सायण दलील करे छे धाप्र. (पृ. ७९)मां अने काशकृत्स्न (पृ. १२६)मां पृजी छे, कवि.मां पृची (पृ. १७) अने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पृजि (पृ. २०)- ए बंने संपर्कना अर्थमां आप्या छे. पुरुषकार वृत्ति (पृ. ४६)मां सुधाकरनो मत मळे छे : अत्र भूवादि सूत्रे सुधाकरः - पृचि इति द्रमिडाः, वेति नन्दिस्वामी ।

आम कौशिकना पृचि ए धातु स्वरूपने द्रमिडानो ने जैनेन्द्र व्याकरणना वृत्तिकार नन्दिस्वामीनुं समर्थन मळी रहे छे. तो पृजि ए रूपने कवि.ना कर्ता बोपदेवनुं समर्थन मळी रहे छे.

२०. बिल भेदने । क्षीत. (पृ. २९८) भिल इति कौशिकः-भेलयति भेलः भिल्मम् । कौशिक चुरादि धातु बिलने बदले भिल एम आ धातुनो पाठ करे छे. कवि. (पृ. ४५)मां आवो पाठ मळे छे ते सिवाय बधा धातुपाठमां बिल भेदने एम ज मळे छे. क्षीत.ना संपादके नोंध्युं छे के निरुक्त १. २०मां बिल्मं भिल्मं भासनमिति वा मळे छे.[१२] टीकाकार दुर्गे आ भिल्मम् नो अर्थ वेदानां भेदनम् । भेदो व्यासः । एम आप्यो छे पण एना मूळ धातुनो निर्देश कर्यो नथी. पण भिल्मम् ना अर्थ जोतां भिल भेदने ए एनो मूळ धातु होवो जोइए. गुजराती शब्द भेलाणनो मूळ धातु पण कदाच भिल होवानुं अनुमान थई शके.

२१. व्यय क्षये । क्षीत (पृ. ३०१)-व्यप व्यय इति कौशिकः । कौशिक 'क्षय'ना अर्थमां चुरादि गणना व्यय क्षये-ए धातु उपरांत व्यप नो पण पाठ करे छे. आ व्यप क्षये ए धातु मात्र कवि. (पृ. ३८)मां मळे छे.

२२. चुषिर विशब्दने । क्षीत. (पृ. ३१३).... घुष विशब्दने इति कौशिकः । कौशिक चुरादि गणना धातु घुषिर् नो घुष एम पाठ करे छे. घुषिर पाठ करीए तो इरितो वा (पा. ३. १. ५७) सूत्रथी लुङ् एटले के अद्यतनकाळनां रूपोमां अङ् विकरण प्रत्यय विकल्पे थाय. वळी क्षीरस्वामी जणावे छे के इरित्वमनित्यण्यन्तत्वे लिङ्गम् । एटले के इर् अनुबन्ध अनित्य ण्यन्तत्वने दर्शावे छे. तेथी घुषिर् ना लुङ् मां त्रण रूपो थाय छे : अजूघुषत् अघुषत् अघोषीत् । जो 'इर्' अनुबन्ध विनाना 'घुष'नो पाठ, कौशिकना मत प्रमाणे करीए तो 'इरितो वा ।' लागु न पडे अने तेथी अद्यतन 'अजूघुषत् अघुषत्' - ए प्रमाणे रूप थाय. कौशिके

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ धातुनां अद्यतनकाळमां अमुक ज रूपो प्रयोजातां जोयां होय तेथी तेओ 'घुष' ए पाठनो आग्रह राखे छे एम बने. लगभग पाणिनीय परंपराना बधा धातुपाठमां 'चुरादि' गणमां आ धातुनो पाठ 'घुषिर' मळे छे. आ धातुनो अर्थ 'अविशब्दन' के 'विशब्दन' ते विशे वैयाकरणोमां मतभेद प्रवर्ते छे. पण ते बाबतमां कौशिक क्षीरस्वामी साथे सहमत छे तेथी तेनी चर्चा अस्थाने छे.

२३. लुट विलोडने । माधावृ (पृ. १११).....एतदादयः पाठत्यन्ताष्टवर्गतृतीयान्तां इति कौशिककाश्यपनन्दिद्रमिडाः । माधावृमां नोंधायेलो कौशिकनो आ एक ज मत एवो छे के जे 'क्षीत.'मां नथी. सायण वधारामां नोंधे छे के ते चास्मादनन्तरे पिटहटी च पेठुः । आ परथी जणाय छे के तेमणे लुट पछी तरत पिट अने हटनो पाठ कर्यो हशे. अने लुट, पिट, हट, विट बिट (बेमांथी एकनो पाठ हशे) इट, किट, कटी-आ सातेक धातुओ पछी तरत पठनो पाठ कर्यो हशे. कौशिक; तेना जेवो ज एक अप्रसिद्ध वैयाकरण काश्यप (वृत्तिकार ?) जैनेन्द्र व्याकरणना कर्ता नन्दिस्वामी अने द्रमिड वैयाकरणो आ धातुओनो टान्तने बदले डान्त पाठ करे छे. आ धातुओमांथी मात्र विट आक्रोशे धातुनो 'विड आक्रोशे' एम 'डान्त' पाठ धाप्र. (पृ. २६) अने हैमधातुमाला (पृ. ३१)मां अने कवि (पृ. २७)मां मळे छे.

क्षीत. (पृ. ५६)मां 'लुट विलोडने ।' सूत्रनी वृत्तिमां 'लुड इति द्रमिडाः' एम निर्देश मळे छे. सायणे ए पण नोंध्युं छे के भूसूत्रे सुधाकरः- लुल विलोडने इति लान्तोऽयं दृश्यते, लोलदभुजाकार बृहत्तरंगम्... । (३. ७२) इति माघः । डलयोरेकत्वस्मरणम् इति प्रतिविधेयम् ।

माधावृ मां मळतो सुधाकरनो आ ज मत पुरुषकार वृत्ति(पृ. ५८)मां मळे छे. सुधाकरना ड अने ल ने एक मानवाना विधान परथी अनुमान थई शके के ते पण कदाच लुड ने मूळ धातु मानवानो मत धरावता होय. एम न होय तो पण कौशिकने नन्दिस्वामी अने द्रमिडोनुं समर्थन तो मळी ज रहे छे.

उपर्युक्त वृत्तिग्रंथोमां कौशिकना जुदा जुदा धातुओ विशेना कुल २३ मत छे, जेमांना २२ (नं १-२२) 'क्षीत'मां छे. माधावृमां कौशिकना नामथी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपायेला ७मांथी ६ मत (नं. ३, ५, ७, ११, १६, १९) क्षीतमां मळे छे ज्यारे ४ (नं. १, ४, १०, १८) मत एवा छे के जेमां कौशिकनुं नाम नथी, पण क्षीतमां ते कौशिकने नामे छे. 'क्षीत'मां मळता बाकीना १२ मत (नं. २, ६. ८, ९, १२, १३, १४, १५, १७, २०, २१, २२)माधावृमां मळता नथी.

'दैव' परनी 'पुरुषकार' वृत्तिमां जे त्रण मत कौशिकना नामे मळे छे, ते तो 'क्षीत'मां नोंधायेला छे. आम कौशिकना धातुओ विशेना आ मतो साचववानुं श्रेय क्षीरस्वामीने फाळे जाय छे.

तेमना आ मतोनो अभ्यास करतां एवुं चोक्कस लागे छे के तेमणे पाणिनीय धातुपाठ पर सळंग वृत्ति लखी हशे. तेओ पाणिनीय परंपरा उपरांत एमना समयमां विद्यमान बीजी व्याकरणपरंपराओथी सारी रीते परिचित जणाय छे. तेमना अमुक मत कातंत्र व्याकरणना टीकाकार दुर्ग (इसनी आठमी सदी) साथे तो कोई मत चान्द्र व्याकरणकार साथे तो अमुक मत जैनेन्द्र व्याकरणना टीकाकार नन्दीस्वामी अने द्रमिडो साथे मळता आवे छे.

धातुओना स्वरूपो माटेनां तेमनां सूचनो शिष्ट संस्कृत साहित्य उपरांत वैदिक साहित्य पर आधारित जणाय छे. प्राकृत भाषानी असरने लीधे बदलाई गयेला धातुओना मूळ स्वरूपने तेमणे सूचव्यां छे. केटलाक धातुओना ड्रान्त पाठने यान्त सूचववामां तेओ दुर्गने अनुसरता जणाय छे. धातुओना स्वरूपो विशेनो तेमनो अभिगम मौलिक जणाय छे.

धातुओना अर्थ बाबतनां पण तेमणे मौलिक विचारणा दर्शावी छे. लिपिवांचन दोषने लीधे बदलाई गयेला धातुना मूळ अर्थ तरफ ध्यान दोर्युं छे.

एमणे सूचवेला नवा धातुओमांथी केटलाक धातु एवा छे के कोई धातुपाठमां मळता नथी. एनो अर्थ ए नथी थतो के ए धातुओ प्रमाणभूत नथी. अगियारमी सदीनीये पहेलां थई गयेला आ वैयाकरण समक्ष एवुं साहित्य विद्यमान हशे के जेमां आ धातुओ प्रयोजाया हशे. ए साहित्य अत्यारे लुप्त थई गयुं होवाथी अ ए धातुओ प्रयोजाया होवानुं कोई प्रमाण मळे नहीं एम बनी शके.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ बधा परथी स्पष्ट थाय छे के कौशिके पाणिनीय धातुपाठनो सांगोपांग अभ्यास करीने पोतानी वृत्तिमां धातुसूत्रो अंगेना महत्त्वनां सूचनो कर्यां हता. तेमना धातुओना स्वरूप अने अर्थ बाबतना वलणने तेमज अमुक धातुओ वधारवाना अभिप्रायने सबळ समर्थन मळे तेवा प्रयोगो मळी आववानी आशा राखीए, कारणके पुरुषकारना शब्दोमां जोईए तो व्याकरणमां प्रयोग ज मुख्य छे :

पाठ व्याख्याश्च धातूनां दृश्यन्ते स्वैरिणः क्वचित् ।
प्रयोग एव भगवांस्तानवस्थापयेत् पथि ॥

(पृ. १२)

## पादटीप

१. युधिष्ठिर मीमांसक-*संस्कृत व्याकरणशास्त्रका इतिहास*, भा.२. (बहालगढ, हरियाणा), सं. २०४१) पृ. ९१

२. युधिष्ठिर मीमांसक, *क्षीरतरंगिणी*, पृ. २०, पा.टी.६

३. G. B. Palsule, The Sanskrit Dhātupāṭhas, (Deccan College, Poona, 1961), p. 211

४. G. B. Palsule, *A concordance of Sanskrit Dhātupāṭhas*, (Deccan College Poona 1955) p. 168.

५. G. B. Palsule, Op. Cit, p. 132.

६. G. B. Palsule, *The Sanskrit Dhātupāṭhas*, pp 243-245.

७. युधिष्ठिर मीमांसक, *दैवम्-पुरुषकारवार्त्तिकम्*, पृ. ६४, पाटी ८.

८. G. B. Palsule, *The Sanskrit Dhātupāṭhas*, p. 238.

९. G. B. Palsule, *Ibid*, p. 221.

१०. G. B. Palsule, *Ibid*, p. 234.

११. G. B. Palsule, *Ibid*, p. 150.

१२. युधिष्ठिर मीमांसक, *क्षीरतरंगिणी*, पृ. २९८, पा.टी. ३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## संक्षेपसूचि

| | |
|---|---|
| उ. | उणादिसूत्र |
| कवि. | बोपदेव रचित कविकल्पद्रुम (धातुपाठ) |
| क्षीत | क्षीरतरंगिणी |
| धाप्र | धातुप्रदीप |
| माधावृ | माधवीया धातुवृत्ति |

## संदर्भ ग्रंथोनी सूचि

१. के. जी. ओक (सं)क्षीरस्वामीकृत अमरकोशटीका अमरकोशोद्घाटन, पूना, प्रथमावृत्ति, १९१३.

२. पं शिवदत्त दाधिमथ (सं) भानुजी दीक्षित कृत अमरकोशटीका, व्याख्यासुधा, दिल्ली, द्वितीय संस्करणम्, १९९५.

३. पं. आशुबोध विद्याभूषण (सं) *कविकल्पद्रुम-धातुदीपिकाटीका,* प्रथम संस्करणम्, १९८०, कलकत्ता.

४. युधिष्ठिर मीमांसक (सं) *काशकृत्स्न धातुव्याख्यानम्,* वाराणसी, सं. २०२२.

५. युधिष्ठिर मीमांसक (सं) *क्षीरतरंगिणी,* अजमेर, द्वितीयावृत्ति, सं. २०१६.

६. युधिष्ठिर मीमांसक (सं) *दैव-पुरुषकारवार्तिकम्,* अजमेर, प्रथमावृत्ति, सं. २०१६.

७. युधिष्ठिर मीमांसक (सं) *धातुप्रदीप,* बहालगढ, प्रथमावृत्ति, १९८६.

८. पंडित शिवदत्त शर्मा (सं) *निरुक्तम्,* मुंबई, संवत १९८२.

९. शास्त्री द्वारकादास, *माधवीया धातुवृत्तिः,* वाराणसी, द्वितीयावृत्ति, १९८३.

१०. मुनि गुणविजय : *हैम धातुमाला,* अहमदाबाद, प्रथमावृत्ति, १९२७.

११. Theodor Autrecht (Ed.) The commentary on the Uṇādi Sūtras, Bonn, 1859 A.D.

१२. G. B. Palsule, Kavikalpadruma, Poona, 1954.

१३. G. B. Palsule, A Concordance of Sanskrit Dhātupāṭhas, Poona, 1955.

१४. G. B. Palsule, The Sanskrit Dhātupāṭhas, Poona, 1961.

१५. K. V. Abhyankar, A Dictionary of Sanskrit Grammar, Baroda, Third Edition, 1986.

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org